3. શિક્ષકની તાકાત શામાં રહેલી છે ?

4. આયોગના મતે શાની પુનઃ વિચારણા જરૂરી બની ગઈ છે ?

5. શિક્ષણે વ્યક્તિને કઈ રીતે સહાયક બનવાનું છે ?

2. નીચેના આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.

1. સિદ્ધાર્થ સ્વરૂપ અને ખુલ્લા હૃદયે અભિપ્રાય વિનાનું સાંભળતાં કોની પાસેથી શીખ્યો ?

2. દિવાસ્વપ્ન પુસ્તક મુજબ છેલ્લા મેળાવડામાં અપાવેલ ઈનામની રકમનો ઉપયોગ કઈ રીતે કરવામાં આવ્યો ?

3. દિવાસ્વપ્ન પુસ્તકમાં વર્ણવેલી કોઈપણ બે શિક્ષણ પદ્ધતિઓનાં નામ આપો.

4. સિદ્ધાર્થના મિત્રનું નામ શું હતું ?

5. લક્ષ્મીરામ માસ્તર સમક્ષ કેળવણી અધિકારીએ કઈ શરત મૂકી હતી.

3. નીચેના આપેલા ફકરાના આધારે માગ્યા મુજબ ઉત્તર લખો.

અમારા શિક્ષકો અમારી પાસે બોર્ડની પરીક્ષાની તૈયારી કરાવતા. અમારા ઈતિહાસના શિક્ષક પોતાના આટલા વર્ષોના અનુભવનો ઉપયોગ કરીને બોર્ડની પરીક્ષામાં ઈતિહાસના વિષયમાં પુછાવાની વકી હોય એવા પ્રશ્નોની એક યાદી અમને આપી દેતા. આ પ્રશ્નો અમારે ગોખી કાઢવાના રહેતા અને તેમના મુદ્દાસર જવાબો તૈયાર કરી શિક્ષકને બતાવવાના રહેતા. આવું અન્ય વિષયોમાં પણ કરવામાં આવતું. આ કારણથી જ તો અમે આ શાળામાં પ્રવેશ મેળવ્યો હતો. બોર્ડની પરીક્ષામાં આનું પરિણામ દેખાઈ આવતું. પરીક્ષામાં પૂછવામાં આવેલા મોટા ભાગના પ્રશ્નો અમે તૈયાર કરેલા પેલા પ્રશ્નોમાંથી જ હતા. આથી ઈતિહાસમાં અમારા સૌના સારા ગુણાંક આવ્યા. અમે હોશિયાર વિદ્યાર્થીઓ ગણાયા. શાળાની નામના વધી, સારી કોલેજમાં પ્રવેશ મેળવવાથી તકો અમારા માટે ઉજ્જવળ બની વધુમાં તો ઈતિહાસના વિષયમાં મારા જેવા વિદ્યાર્થીના ગુણ જોઈને કોઈપણ મારી પીઠ થાબડે. પ્રાચીન ઈતિહાસની મારી જાણકારી વિષે કોઈને પણ માન થઈ આવે. પણ વાસ્તવમાં આ જ્ઞાન ગોખણિયું હતું. ઈતિહાસમાં હું ભાગ્યે જ કશું જાણતો હતો. મને તે વિષય સાવ રસહીન, શુષ્ક તવારિખોથી ભરપૂર અને નિરુપયોગી જણાતો. તે ભણવામાં સમયનો નર્યો વ્યય જણાતો. બે મહિના પછી જ જો ફરી આ વિષયની પરીક્ષા મારે આપવાની આવી હોત તો હું તેમાં પાસ થવા જેટલા પણ ગુણ ભાગ્યે જ મેળવી શક્યો હતો.

1. ઉપરોક્ત ફકરાના આધારે પરીક્ષા પદ્ધતિની મર્યાદાઓ દર્શાવો.

પ્રશ્ન–3 નીચે આપેલા પ્રશ્નો પૈકી કોઈપણ એકનો મુદ્દાસર ઉત્તર આપો. (07)

1. ચિંતન પ્રક્રિયાનો અર્થ આપી, ચિંતન વિકાસ માટેની પ્રવિધિઓ જણાવો.

2. વિલિયમ એચ. ગ્રેના વાંચન પ્રતિમાન કરતાં એચ. રોબિન્સનનું પ્રતિમાન કઈ રીતે જુદુ પડે છે ?

પ્રશ્ન–4 નીચે આપેલા પ્રશ્નો પૈકી ગમે તે બે નો માગ્યા મુજબ ઉત્તર લખો. (10)

1. નીચેના આપેલા ફકરા પરથી માગ્યા મુજબ ઉત્તર લખો.

આપણને અજ્ઞાતમાં પગલું મૂકવાનો ડર લાગે છે અને એટલે જ આપણે તેમ